ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં ચૈત્રમાં અષાઢી વાયરો : કમોસમી વરસાદ

**બપોરે આકાશમાં ગોરંભાયેલા વરસાદી વાદળોએ ઝાપટુ વરસાવ્યુ : હવામાનમાં નાટયાત્મક પલ્ટો : ધુળિયા વાતાવરણ વચ્ચે કમોસમી વરસાદ : ગરમીનો પારો ૪ ડિગ્રી ગગડયો : સાર્વત્રિક ઠંડક પ્રસરી : અમુક વિસ્તારોમાં કરા પડયા**









ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં આજે બપોરે આકાશમાં ગોરંભાયેલા વાદળો વચ્ચે અચાનક ભારે પવન સાથે વરસાદી ઝાપટુ વરસ્યુ હતુ. તિવ્ર ગતિથી ફુંકાતા પવન સાથે ધુળની ડમરીઓ ઉડતા વરસાદી વાયરાથી નગર ધુળિયુ બની ગયુ હતુ. વરસાદના હળવા ઝાપટાના લીધે ભીની માટીની મહેંક સાથે શહેરમાં સાર્વત્રિક ઠંડક પ્રસરી હતી. ચૈત્રના પ્રારંભે અષાઢી મેઘ ગાજતા નગરનો નઝારો બદલાઇ ગયો હતો. મહત્તમ તાપમાન ૪ ડિગ્રી ગગડતા નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી. વરસાદી વાતાવરણથી નગરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ. પલવારમાં જ નગર ધુળિયુ બની ગયુ હતુ.

સમગ્ર રાજયમાં વાતાવરણમાં નાટયાત્મક પલ્ટાના અંતે આકાશમાં ગોરંભાયેલા વરસાદી વાદળો વરસી પડતા ચોમેર ઠંડક પ્રસારી હતી. ગાંધીનગરમાં પણ બપોરે અચાનક

● અનુસંધાન પાન-૭ પર

## સંખ્યાબંધ વાહનચાલકો સ્લીપ થયા

શહેરમાં ચૈત્ર મહીનામાં અષાઢી માહોલ સર્જાતા કમોસમી વરસાદથી નગરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ. પલવારમાં જ મોસમનો મિજાજ બદલાતા આકરી ગરમીમાં ચોમેર ઠંડક પ્રસરી હતી. બીજીતરફ ભારે પવન વચ્ચે ધુળની આંધી ફુંકાતા વાહનચાલકો અટવાયા હતા. ધળિયા વાતાવરણ વચ્ચે વાહનચાલકો માર્ગ વચાળે જ ઉભા રહી ગયા હતા. તો વરસાદી ભીંજારાના લીધે અકસ્માતો પણ થયા હતા. વરસાદી ઝાપટા સાથે નગરના માર્ગો ભીના થતા સાંજના સમયે સંખ્યાબંધ વાહનો સ્લીપ થવાના બનાવો બનવા પામ્યા હતા. શહેરી વિસ્તારના મુખ્યમાર્ગો તેમજ આંતરિક માર્ગો પર જતા વાહન ચાલકો સ્લીપ થતા અનેક વ્યકિતઓને શરીરના ભાગે નાની મોટી ઈજાઓ થવા પામી હતી. આ દરમિયાન અનેક ઠેકાણે ૧૦૮ ની પણ સેવા લેવાની ફરજ પડી હતી. અચાનક જ વરસાદ ખાબકતા ભીંજાયેલા માર્ગો પર વાહનો સ્લીપ થવાનો સિલસિલો સાંજે યથાવત રહ્યો હતો. જેમાં મહીલા વાહનચાલકોની સંખ્યા પણ વિશેષ હતી. જો કે સદનસીબે કોઇ જાનહાની થવાના સમાચાર નથી.

## ચુંટણી પ્રચારમાં પણ વરસાદ વિલન બન્યો

ગાંધીનગરમાં ભરઉનાળે અચાનક જ વાતાવરણ પલ્ટાના અંતે ભારે પવન ફુંકાવાની સાથે વરસાદ વરસતા જનજીવન પ્રભાવિત થયુ હતુ. બપોરના સમયે આકાશમાં વરસાદી વાદળો ઘેરાયા હતા. જયારે પલવારમાં જ ધુળિયા વાતાવરણ વચ્ચે વરસાદ વરસતા શહેરના માર્ગો પર જતા વાહનચાલકો પણ અટવાયા હતા.બીજીતરફ લોકસભાની ચુંટણીને અનુલક્ષી હાથ ધરાયેલી પ્રચાર ઝુંબેશ પણ મોસમના પલ્ટાથી પ્રભાવિત થઈ હતી. શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ચુંટણીને અનુલક્ષી રાખવામાં આવેલી બેઠકો પણ રદ કરવામાં આવી હતી. જયારે પ્રચાર ઝુંબેશના કાર્યક્રમો પણ વિખેરાઇ ગયા હતા. સેકટરોમાં બુથ બેઠકો પણ પ્રભાવિત થઇ હતી. આમ પણ શહેરમાં ચુંટણીલક્ષી માહોલ જામતો નથી. જયારે માંડ માંડ પ્રચાર ઝુંબેશને તેજ બનાવતા રાજકીય પક્ષોને મોસમે પણ યારી ન આપતા શિરદર્દ ઉભો થયો હતો. આકરી ગરમીમાં આમ પણ પ્રચારનુ કામ રાજકીય પક્ષો માટે અઘરુ બન્યુ છે. ત્યારે ઉપર જતા કમોસમી વરસાદ ચુંટણી પ્રચાર ઝુંબેશ માટે વિલન બન્યો હતો.

## હવે ઉમેદવારો સમર્થકોને અડધી ચા અને અડધી ડીશ નાસ્તો પીરસી શકે છે

ગાંધીનગર, તા. ૧૬

ચૂંટણી પંચે પણ ગુજરાતમાં પ્રચલિત અડધી ચા ના રિવાજનો સ્વીકાર કર્યો છે અને ઉમેદવારો દ્વારા તેમના સમર્થકોને પીરસવામાં આવતી અડધી ચાના ભાવ નિયત કર્યા છે.

મળતી વિગતો મુજબ અડધી ચાના કપનો દર રૂ. ૬ નિયત કરવામાં આવ્યો છે જ્યારે આખા કપનો ભાવ રૂ. ૧૨ નિયત અગાઉ કરાયો હતો.

પંચે આ ઉપરાંત નાસ્તાની અડધી ડીશની વાતનો પણ સ્વીકાર કર્યો છે અને તેનો દર પણ રૂ. ૧૦ નિયત કરવામાં આવ્યો છે. ઉનાળાની સિઝન હોવાથી લોકો અડધી ડીસ નાસ્તો કરતા હોય છે.

પંચે અગાઉ નાસ્તાની એક ડીશનો ભાવ રૂ. ૨૦ નિયત કર્યો હતો જે નોંધનીય છે.

પંચે સીએનજી રીક્ષાનું ભાડુ એક દિવસના ૪૭૫ લેખે, આ સાથે બેટરી ભાડુ ૭૭ રૂ. તેમજ એમ્પ્લીફાયર વીથ સ્પીકરનું ભાડુ

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર બેઠક પર ભાજપે ૭.૭૧ લાખ તો કોંગ્રેસે ૧૨.૩૩ લાખનો ખર્ચ કર્યો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં ભાજપ-કોંગ્રેસ સહિતના ઉમેદવારો ચૂંટણીખર્ચ કરવામાં કરકસર દાખવી રહ્યા છે. મતદાનની આડે હવે માંડ એક સપ્તાહ જેટલો સમય બચ્યો છે પણ મુખ્ય સ્પર્ધક ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો દ્વારા હજુ સુધી માત્ર ૨૧ લાખની આસપાસ જ ખર્ચ કરવામાં આવ્યો છે.

ચૂંટણીના ખર્ચ અંગે આજે બીજીવાર હિસાબોની ચકાસણી કરાઈ હતી જેમાં આ વિગતો બહાર આવવા પામી છે. ચૂંટણી ખર્ચ નિયંત્રણ નિરીક્ષકોની હાજરીમાં આજે તંત્રની એકાઉન્ટ ટીમોએ ઉમેદવારો દ્વારા રજુ થયેલા ખર્ચની ચકાસણી કરી હતી અને શેડો રજીસ્ટર સાથે તેની સરખામણી કરી હતી.

આજે આ બેઠક પર ઉભા રહેલા ૧૭ ઉમેદવારોએ તેમના ખર્ચના રજીસ્ટરો ટીમ સમક્ષ રજુ કર્યા હતા.

મળતી વિગતો પ્રમાણે ભાજપના ઉમેદવાર અને પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ દ્વારા અત્યાર સુધીમાં રૂ. ૭.૭૧ લાખનો ખર્ચ થયાનું

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં કમોસમી વરસાદને પગલે ખેડૂતો ચિંતામાં ગરકાવ થયા

**ઘઉં, તમાકુ, કેરી, ટેટી અને બટાટાના પાકને નુકશાન થયાના અંદાજો**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં થયેલા કમોસમી વરસાદને પગલે ખેડૂતો ચિંતાતુર બન્યા છે. આ કમોસમી વરસાદને પગલે ઘઉં, તમાકુ અને બટેટાના પાકને નુકશાન થવાનો ભય જોવા મળી રહ્યો છે.

ખેડૂતોમાં થતી ચર્ચાઓ મુજબ ભડલી કથનોમાં કહેવાયુ છે કે ચૈત્ર ચોખ્ખો જોઈએ મહા મેલો હોય તો વાંધો નહિ ચોમાસુ સારૂ રહે. આ વખતે ચૈત્ર મહિનામાં કમોસમી વરસાદ થતાં પાકને પણ નુકશાન થવાનો ભય છે.

ખેડૂતો દ્વારા લેવાયેલો પાક ઘઉં હજુ ખરામાં પડ્યો છે જ્યારે તમાકુના પાકને નુકશાન થશે. આ ઉપરાંત બટાટા તેમજ ટેટીના પાકને પણ નુકશાન થવાનો ભય ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. આ ઉપરાંત આજે વરસાદ પહેલાં ફુંકાયેલા પવનને પગલે કેરીના પાકને પણ મોટુ નુકશાન થવા પામ્યુ છે.

બીજી તરફ હવામાન વિભાગે આજે આગાહી કરી છે કે ૪૮ કલાક સુધી પવન સાથે વરસાદ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ચૂંટણી માહોલ જામતો નથી

**મતદાનના આડે હવે માંડ અઠવાડીયુ છતા ચુંટણી કાર્યાલયો પર સન્નાટો : હું, તું અને રતનિયા જેવો ઘાટ : રાજકીય પક્ષો પ્રચારમાં પણ નિરસ : સ્થાનિક મતદારોના ઇન્વોલમેન્ટનો અભાવ : રાજકીય વિવેચકો બની ફરતા આગેવાનો ચર્ચાના મુડમાં પણ નથી**

ગાંધીનગર, તા ૧૬

આગામી લોકસભાની ચુંટણીના આડે હવે માત્ર આંગળીના વેઢે ગણાંય તેટલા દિવસો જ આડા રહ્યા છે. આમછતા રાજકીય પક્ષોના ચુંટણી કાર્યાલય પર નજર નાંખીએ તો હુ તુ અને રતનિયા જેવો ઘાટ સર્જાયો છે. ચુંટણી કાર્યાલય પર કાગડા ઉડે છે. રાજકીય પક્ષોની નિરસ પ્રચાર ઝુંબેશ વચ્ચે આમ નાગરિકોનુ પણ આ ચુંટણીમાં જાણે કોઇ ઈમ્વોલમેન્ટ ન હોય તેવા દ્રશ્યો આંખ સામે ખડા થયા છે. જેના લીધે મતદાન પણ કેટલુ અસરકારક થશે તે સામે પણ અનેક સવાલો મંડરાયા છે.

લોકસભાની ચુંટણીના આડે હવે માત્ર એક સપ્તાહ જેટલો જ સમય આડો રહ્યો છે. રાજકીય પક્ષોએ પ્રચાર ઝુંબેશ તેજ બનાવી છે. પરંતુ દેશના પ્રધાનમંત્રી પદ માટેની ચુંટણીને અનુલક્ષી ગાંધીનગર બેઠક પર જ નિરસતાનો માહોલ જોવા મળી રહ્યો છે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ આ બેઠક પરથી ચુંટણી લડવાના હોવાથી સમગ્ર દેશની નઝર આ બેઠક પર મંડરાઇ છે. ત્યારે અમિત શાહને જંગી બહુમતથી જીતાડવા માટે ભાજપના કાર્યકરો તેમજ આગેવાનો પણ તેજ પ્રચાર અભિયાનમાં લાગી ગયા છે. પરંતુ આ દાવાઓ વચ્ચે પણ શહેરમાં ચુંટણીલક્ષી કોઇ માહોલ જોવા મળતો નથી. આમ નાગરિકો અલબત્ત મતદારો પણ આ ચુંટણી ચકરાવોથી તદન કોરાણે હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. રાજકીય પક્ષોના ચુંટણી કાર્યાલય પર કાગડા ઉડે છે.દિવસની આકરી ગરમીમાં પણ કાર્યાલયો પણ કોઇ ખાસ અવરજવર જોવા મળતી નથી.

જયારે સેકટરોની શેરીઓમાં પણ આંગળીના વેઢે ગણાંય તેટલા કાર્યકરો ધીમી ગતિએ પ્રચાર કરી રહ્યા હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. જયારે કોંગ્રેસે તો હજુ શહેરમાં પ્રચાર શરૂ કર્યો હોય તેનો પણ અહેસાસ થતો નથી. ભાજપ અને કોંગ્રેસના ચુંટણી પ્રચારમાં પણ કોઇ

● અનુસંધાન પાન-૭ પર

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN®

ashirvad

BENELAVE™

DR. FIXIT®

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ




DAY CARE - PLAY GROUP - SENIOR KG
JUNIOR KG - NURSERY

Call Us For More Detail
+91 99789 77011 / +91 75758 06832
Bungalow No.55, Saptarushi Society, Bh. Krishna Kunj Apartment, Opposite NID, Kudasan, Gandhinagar - 382 421
www.craayonspreschool.com

## ઉઠમણું



મારા પતિશ્રી **અરૂણભાઈ (અરવિંદભાઈ) ઈશ્વરપ્રસાદ અંજારીયા** (નિવૃત્ત સંયુક્ત સચિવ)નું તા. ૧૬/૪/૨૦૧૯ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્ગતનું ઉઠમણું તા. ૧૮/૪/૨૦૧૯ને ગુરૂવારના રોજ સાંજે ૫.૩૦ થી ૬.૩૦** દરમિયાન અમારા નીચેના નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન : પ્લોટ નં. ૩૪૧/૨, સેક્ટર-૭/એ, ગાંધીનગર**

લી.
ગં.સ્વ. સરલાબેન અરૂણભાઈ અંજારીયા
હરકાંતભાઈ ઈશ્વરપ્રસાદ અંજારીયા

**ફ્લેટ વેચાણથી આપવાનો છે**

પ્લોટ નં. ૭૯૧-ડી-૩,
પ્રથમ મજલો,
શ્રીજી એપાર્ટમેન્ટ,
પંચશીલ પાર્ક,
સેક્ટર નં.૨૧, ગાંધીનગર.
ફોન : ૯૪૨૮૪ ૨૨૨૮૬

**ટચુકડી જાહેર ખબર**

દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાઘે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

BRIDGESTONE

apollo go the distance

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com